G02-ઑક્ટોબર 2025

મુનિ સેવા આશ્રમ, ગોરજ નું પોતીકું

# अनुसंधान

## શ્રદ્ધા, સંકલ્પ, સમર્પણ, સ્નેહ, સેવા અને સહયોગનું સરવૈયું



સંસ્થાપક
પૂજ્ય શ્રી અનુબેન ઠક્કર



અધ્યક્ષ
ડૉ વિક્રમ પટેલ



આસોની આ નવલી રાતો,
ઝીલો એના ઉજ્જવલ પ્રકાશો,
નકારાત્મકતાને દૂર ખદેડી,
અવસાદને અવરોધો ,
આદ્યશક્તિને આરાધો ,
શ્રદ્ધાપૂર્વક સંનિધિ અનુભવો ,
એ જ ઓજ પૂરશે ,
એ જ તેજ પૂરશે ,
એ જ ભક્તિભાવથી તરબોળ કરશે.



























આપણાં રામકૃષ્ણ વિદ્યામંદિરના ભુલકાંઓએ જયારે શાળામાં નવરાત્રીની ઉજવણી કરી ત્યારે તેમના નાના નાના હાથોની મીઠી મીઠી તાળીઓ, નાનકડાં પગલાંઓથી લેવાતી ઠેસ અને ચહેરાનો નિર્દોષ આનંદ જ અનેરો હતો.







આપણી એકલવ્ય સ્કૂલ ખાતે મહાનવમી નિમિત્તે માં દુર્ગાને ગુરુ શ્રી ચૈતન્ય મંગલમ દ્વારા ભક્તિમય ધુનૂચી નૃત્ય અર્પણ કરવામાં આવ્યું. ધાકના દરેક તાલે અને ધૂપથી ભરેલી ધુનૂચી ના દરેક ચકરાવે, વાતાવરણ ભક્તિ, આનંદ અને સકારાત્મકતા ભર્યું બન્યું. મા જગદંબાની કૃપા બાળકો પર સદા રહે.













## શિક્ષણ: તમસથી જ્યોતિ તરફની દિવ્ય સફર

શિક્ષણના લાભ માત્ર અક્ષરજ્ઞાન પૂરતા સીમિત નથી હોતા; એ તો અંધકારમાંથી પ્રકાશ તરફની એક ક્રાંતિકારી યાત્રા છે.

ખરુ શિક્ષણ એક એવું શક્તિશાળી સાધન છે, જે સમાજમાં વકરેલી અનેક જટિલ સમસ્યાઓના મૂળને ઉખેડી શકે છે. ગરીબી, બેરોજગારી, દહેજ પ્રથા, સામાજિક અસમાનતા, બાળવિવાહ, અંધશ્રદ્ધા અને જાતિવાદ જેવી ઘેરી કુરિવાજોનો અંત લાવવાનો એકમાત્ર માર્ગ જ્ઞાન અને શિક્ષણ છે. તે વ્યક્તિ અને સમાજને જાગૃતિ, આત્મસન્માન અને પ્રગતિના માર્ગે દોરી જાય છે.

નવરાત્રીના પવિત્ર અને પ્રેરણાદાયક અવસરે, આપણી શારદામંદિર બક્ષીપંચ શાળાના બાળકોએ એક અત્યંત સુંદર અભિનય દ્વારા આ ગહન સંદેશને જીવંત કર્યો. તેમની નિર્દોષતા અને અદ્ભુત સર્જનાત્મકતાથી તેમણે સૌને યાદ અપાવ્યુ કે, શિક્ષણ એ જ ચાવી છે, જે સમાજમાં સમાનતા, સન્માન અને સર્વાંગી વિકાસના દ્વાર ખોલી શકે છે. બાળકો દ્વારા અપાયેલો આ સંદેશ ખરેખર હૃદયસ્પર્શી અને ચિરંજીવ છે.



## રક્તદાન શિબિર




આપણાં પરમ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની 7 5 મી વર્ષગાંઠ અને ઓપરેશન સિંદૂરની સફળતા નિમિત્તે શ્રી એન જી શાહ સાર્વજનિક હાઈસ્કૂલ વાઘોડિયા ખાતે યોજાયેલ રક્તદાન શિબિરની જવાબદારી મુનિ સેવા આશ્રમ , ગોરજ સંચાલિત આપણી કૈલાશ કેન્સર હોસ્પિટલે સફળતાપૂર્વક પાર પાડી.

આપણી KCHRC દ્વારા વાઘોડિયા તાલુકાના વલવા ગામે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ દાતાઓનો ઉદાર યોગદાન માટે હૃદયપૂર્વક આભાર.








## શૈક્ષણિક મુલાકાત :



મુનિ સેવા આશ્રમ પોતાની સાતત્ય સભર સેવાઓ અને ઉત્તમ વહીવટી ક્ષમતાઓથી કરુણામય સર્વાંગી વિકાસનું જીવંત ઉદાહરણ સાબિત થયેલ છે અને વર્ષ દરમ્યાન વિવિધ સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓ અહીં શૈક્ષણિક મુલાકાત લેતા જ રહે છે. તાજેતરમાં જ જે. કે. કોલેજ ઓફ નર્સિંગના BSc ના ચોથા વર્ષ અને ચોથા સેમિસ્ટરના ૧૨૦ વિદ્યાર્થીઓએ હેલ્થકેર અને કોમ્યુનિટી કેર જેવા આપણાં વિવિધ આયામોનો અનુભવ મળી શકે તે હેતુથી કૈલાશ કેન્સર હોસ્પિટલ, ભાગિની મંદિર અને વાનપ્રસ્થ મંદિરની મુલાકાત લીધી.









**મારું નામ કનક ગઢવી.** સન 2002 થી હું મુનિ સેવા આશ્રમ સંચાલિત કૈલાશ કેન્સર હોસ્પિટલ સાથે જોડાયેલો છું અને હાલમાં હોસ્પિટલના ફાર્મસી વિભાગની જવાબદારી સંભાળું છું. આશ્રમમાં જોડાતા પહેલા હું વડોદરાની એક સંસ્થામાં કાર્યરત હતો, પરંતુ મને લાગે છે કે આ આશ્રમ સાથેનું જોડાણ મારા પૂર્વ જન્મના પુણ્યનું ફળ છે. આ આશ્રમ જાણે મારો પોતાનો પરિવાર હોય એમ અનુભવાય છે. અહીંનું વાતાવરણ એટલું આત્મીય છે કે આ સંસ્થાને છોડીને બીજે ક્યાંય જવાનું મન થતું નથી. આના ઘણા કારણો છે, જેમાંથી થોડાક અહીં જણાવવા હું ઈચ્છું છું.

**પૂજ્ય શ્રી અનુબેન** દ્વારા સ્થાપિત સેવા, સચ્ચાઈ, સાદગી અને સહિષ્ણુતાના મૂલ્યો અમારા આશ્રમ પરિવારનો પાયો છે. હોસ્પિટલની વાત કરીએ તો મારા જેવા જ ઘણા લોકોએ અહીં પોતાની જિંદગીના ૨૦ વર્ષથી પણ વધુ સમય વિતાવ્યો છે. આ મૂલ્યોએ જ અમારા જીવનનું ઘડતર કર્યું છે.



અમારા પરિવારના વડા, પ્રેમાળ પિતા સમાન **ડો. વિક્રમ સાહેબ** છે. એમનું સમર્પણ, સાતત્ય, શિસ્ત અને સંવેદનશીલ હૃદય આખા પરિવારને એક તાંતણે બાંધે છે. આશ્રમના નાના-મોટા દરેક કર્મચારીના સુખ-દુઃખમાં તેમણે હંમેશા એક વડીલની હુંફ આપી છે. હું મારી વાત કરું તો, મારા પિતાના કેન્સરના સમયે સાહેબે જે સાથ અને સધિયારો આપ્યો હતો તેના જ પ્રતાપે આજે મારા પિતાજી જીવિત છે. તેઓ સાબરકાંઠાના અમારા ગામ વડાલીમાં કેન્સરમુક્ત અને સુખી જીવન જીવી રહ્યા છે. સારવાર દરમિયાન, આખા આશ્રમની જવાબદારી હોવા છતાં, સાહેબે નાની નાની બાબતોનું ધ્યાન રાખ્યું અને દરેક પગલે મદદ કરી. આ ફક્ત મારો અનુભવ નથી, આશ્રમના દરેક કર્મચારીને જો મોકો મળે તો સૌનો મત એક જ હશે કે આશ્રમ અમારો પરિવાર છે અને તે ખડકની જેમ અમારી સાથે ઊભો છે.

આજના કોર્પોરેટ હોસ્પિટલના યુગમાં, હોસ્પિટલની ફાર્મસીને નફો કમાવતો વિભાગ માનવામાં આવે છે. તેનાથી વિપરીત, જ્યારે મને હોસ્પિટલના ફાર્મસી વિભાગનો ચાર્જ સોંપવામાં આવ્યો, ત્યારે સાહેબે મને કહ્યું હતું કે, "**આ હોસ્પિટલનો દવા વિભાગ એટલે દર્દીઓની દુઆઓ મેળવવાનું સ્થાન છે.**" આજે, સૌથી સારી દવાઓ સૌથી ઓછી કિંમતે દર્દીઓને ઉપલબ્ધ કરાવતી ફાર્મસીનો એક ભાગ હોવાનો મને ગર્વ છે. દર્દીઓ જ્યારે અહીંથી સાજા થઈને જાય છે, ત્યારે તેમના તરફથી મળતા આશીર્વાદ અમારા માટે સૌથી મોટો પુરસ્કાર છે, જાણે કે રોજ મળતું બોનસ!

આ વિભાગના વડા તરીકે, મારે ઘણા નિર્ણયો લેવાના હોય છે, અને તે માટેનો અમારો એક જ માર્ગદર્શક સિદ્ધાંત છે: "**દર્દીના દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને તેમના હિતમાં જ નિર્ણય લેવો.**" આ સિદ્ધાંતને વરેલા દરેક નિર્ણયને સાહેબનો ટેકો હોય જ છે. આ કાર્યપદ્ધતિ અમને બધાને ખૂબ જ સંતોષ આપે છે, અને બીજે ક્યાંય જવાનો વિચાર પણ આવતો નથી.

શિક્ષણ, સ્વાસ્થ્ય, સામાજિક સંભાળ અને સંસાધન સંવર્ધન ક્ષેત્રે કામ કરતી અમારી આ સંસ્થા તેની ઉત્કૃષ્ટ કામગીરીને કારણે એટલી પ્રસિદ્ધ છે કે જ્યારે કોઈ બહારની વ્યક્તિ જાણે છે કે અમે મુનિ સેવા આશ્રમમાં કામ કરીએ છીએ, ત્યારે તેમના મનમાં અમારા માટે આદર અને સન્માન વધી જાય છે. આ ક્ષણે આપણને આપણી સંસ્થા અને આપણા નસીબ પર ખૂબ ગર્વ થાય છે.

આ પરિવારના કાયમી સભ્ય બની રહેવાના અગણિત લાભો અને આટલા વર્ષોના સેંકડો સંભારણા છે, જે હું ફરી ક્યારેક આપ સૌની સાથે વહેંચીશ. ત્યાં સુધી, જો આપ સૌ પણ તમારી વાત 'અનુસંધાન'ના માધ્યમથી રજૂ કરશો, તો સૌનો આનંદ બેવડાશે.

## વોકેશનલ ટ્રેઇનિંગ સેન્ટર નો 7મોં પદવીદાન સમારોહ




તાજેતરમાં જ આપણાં વોકેશનલ ટ્રેઇનિંગ સેન્ટર નો 7મોં પદવીદાન સમારોહ યોજાઈ ગયો. માનવંતા મહેમાનો, કર્મચારીઓ અને વ્હાલા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ માં 36 ટ્રોફી (જે આશ્રમના વાનપ્રસ્થ મંદિરના બે વડીલો તરફથી સ્પોંસર કરવામાં આવેલ) સહીત વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી. આશ્રમના દાતા અને શુભેચ્છક એવા ડોકટર દંપત્તિ અંજનાબેન અને અરુણભાઈ પટેલ , જેમના તરફથી VTC ની ડ્રોન લેબનું સ્વપ્ન સાકાર થયું છે, તેમણે પ્રસંગોચિત સંબોધન કર્યું. આદિત્ય બિરલા કંપનીનું પ્રતિનિધત્વ કરતા શ્રી સતીશભાઈ ભૂવિકરે પણ VTC ની કામગીરીને બિરદાવી. આપણાં VTCને આદિત્ય બિરલાનો સહયોગ વિદ્યાર્થીઓની સ્પોન્સરશિપમાં મળતો રહ્યો છે જે ખુબ જ ઉપયોગી સાબિત થયેલ છે. VTC માં થી નર્સિંગ આસીસ્ટન્ટ કોર્સ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓની કાબેલિયતના આધારે તેમને પોતાની "આસિસ્ટેડ લિવિંગ એન્ડ સીનીઅર કેર " આપતી કંપનીમાં સમાવતી પપાયાકેરના અધિકારીશ્રી એ પણ આપણાં વિદ્યાર્થીઓની તાલીમ , વિનયભર્યું વર્તન અને સંવેદનાસભર સંભાળના વખાણ કરતા કહ્યું કે મુનિ સેવા આશ્રમ સંચાલિત આ સેન્ટરના વિદ્યાર્થીઓ તેમના ખાસ ગુણોને લીધે અલગ તરી આવે છે. આપણા વિદ્યાર્થીઓએ પણ સુંદર નૃત્ય પ્રસ્તુતિ કરી મહેમાનોનું અભિવાદન કર્યું.

























## હૃદયપૂર્વક આભાર

મુનિ સેવા આશ્રમ સંચાલિત વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ખાતે ડોર્મિટરી રૂમ્સના ઉદાર પ્રાયોજનમાં સહભાગી બનનાર નીચેના દાતાઓનો હૃદયપૂર્વક આભાર :

**શ્રી હર્ષદ અને હંસા ઠક્કર -1 રૂમ**

**શ્રી દિનેશ અને અલ્પના ગાંધી -4 રૂમ**

**શ્રી જયંત અને યોગિની શ્રોફ -4 રૂમ**

**શ્રી અરવિંદ અને રોહિણી ધ્રુવ -4 રૂમ**

**શ્રી રમેશ ઝવેરી -2 રૂમ**

**શ્રી વિક્રમ અને શકુંતલા પટેલ -5 રૂમ**

આપના સહયોગથી સેન્ટરના વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત અને પોષણ આપતુ વાતાવરણ ઉપલબ્ધ થઇ શકશે, જે તેમને આત્મવિશ્વાસ સાથે કૌશલ્યજ્ઞાન મેળવવમાં મદદ કરશે.




## જિજ્ઞાસા અને જુસ્સાથી ભરપૂર, આપણી એકલવ્ય શાળાના વિદ્યાર્થી દર્શિલ રાઉતની પ્રેરણાદાયક સફર :

આપણા EMRS (એકલવ્ય મોડેલ રેસીડેન્શિયલ સ્કૂલ) ના વિદ્યાર્થી દર્શિલ રાઉતની અસાધારણ સિદ્ધિ વિષે જાણી ને આપ સહુ આનંદ અનુભવશો. દર્શિલ ૨૦૨૫ની શરૂઆતમાં અમદાવાદના સાયન્સ સિટી ખાતે યોજાયેલ ગુજરાત STEM ક્વિઝ ૩.૦ની સેમી-ફાઇનલમાં ક્વોલિફાય થયો હતો. આ સ્પર્ધામાં ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી કુલ ૫૨૦ ટીમોએ ભાગ લીધો હતો.

આ સિદ્ધિના સન્માનમાં, દર્શિલને તાજેતરમા ગાંધીનગરની નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU) ખાતે આયોજિત ફોરેન્સિક સાયન્સ બુટકેમ્પમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, તેણે રાજ્યભરના અન્ય તેજસ્વી વિદ્યાર્થીઓ સાથે જોધપુર ખાતેની IIT અને DRDOની પણ મુલાકાત લીધી હતી.

**આ શૈક્ષણિક મુલાકાતો દરમ્યાન દર્શિલે:**

DNA ફોરેન્સિક્સ, ડિજિટલ અને મલ્ટિમીડિયા ફોરેન્સિક્સ, બેલિસ્ટિક્સ, ટોક્સિકોલોજી અને ઇન્વેસ્ટિગેટિવ સાયકોલોજી જેવા 'સેન્ટર્સ ઓફ એક્સલન્સ'ની મુલાકાત લઇ તેનું અધ્યયન - અન્વેષણ કર્યું.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રોબોટિક્સ, સાયબર સિક્યુરિટી અને ફોરેન્સિક સાયન્સના ઉપયોગો પરના સેમિનારમાં ભાગ લીધો.

ઇસરો-SAC અને સાયન્સ સિટી ખાતેની એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરીની શૈક્ષણિક મુલાકાતોમાં ભાગ લીધો.

વિજ્ઞાન, તપાસ અને નવીનતાને જોડતી અદ્યતન ટેકનોલોજીનો અનુભવ મેળવ્યો.

કાર્યક્રમના અંતે, દર્શિલને તેના સમર્પણ અને ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું.

મુનિ સેવા આશ્રમ સંચાલિત શાળાઓ તેના દરેક વિદ્યાર્થીઓ માટે સફળતા ના શિખરો સર કરવાની સમાન તકો લાવે છે પરંતુ ભાઈ દર્શિલની આ યાત્રા સાબિત કરે છે કે જિજ્ઞાસા, સખત મહેનત અને ભણતર પ્રત્યેનો જુસ્સો અસાધારણ તકોના દ્વાર ખોલી શકે છે. દર્શિલ જેવા તમામ વિદ્યાર્થીઓને વિદ્યાર્થીકાળના અમૂલ્ય વર્ષોમાં સમૃદ્ધ અનુભવો પૂરા પાડવા બદલ આશ્રમ આયોજકોનો આભારી છે. દર્શિલની આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓને પણ સ્વપ્ન સેવવા, નિર્ભયતાથી વિજ્ઞાનનું અન્વેષણ કરવા અને દરેક શૈક્ષણિક તકને સુંદર તકદીરમાં બદલવા માટે પ્રેરણા આપે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.











## B.Sc. નર્સિંગના વિદ્યાર્થીઓ માટે સોફ્ટ સ્કિલ તાલીમ યોજાઈ :

મુનિ સેવા આશ્રમનો મત છે કે નર્સિંગનો અભ્યાસ માત્ર ક્લિનિકલ નિપુણતા પૂરતો સીમિત ન હોવો જોઈએ. સહૃદયતા પૂર્વકની વાતચીત, ત્વરિત સચોટ નિર્ણય લેવાની ક્ષમતા, સ્નેહભર્યો આત્મીય સ્પર્શ, નર્સનો આત્મવિશ્વાસ, માનવીય સંવેદના અને કરુણાસભર સંભાળ દર્દી અને તેના સ્વજનોને સ્પર્શી જાય છે અને પુનઃ સ્વાસ્થયપ્રસ્થાપનને ઝડપી બનાવી શકે છે. આ ગુણોને સંવારી, ઉભારી અને વધુ મજબૂત કરવા માટે, આપણા નર્સિંગ ઇન્સ્ટિટ્યૂટના ફાઇનલ યર B.Sc. નર્સિંગના વિદ્યાર્થીઓ માટે એક સોફ્ટ સ્કિલ તાલીમ નું આયોજન કરવામાં આવ્યું.

જ્ઞાન અને કરુણા બંનેના પોષણ દ્વારા અહીંના વિદ્યાર્થીઓ જયારે અભ્યાસ બાદ હોસ્પિટલોમાં કામ કરે ત્યારે તેમના થકી દર્દીઓને શ્રેષ્ઠ સંભવિત ઉપચારનો અનુભવ મળે તેવી આશા સાથે આશ્રમના સર્વાંગી વિકાસના સિદ્ધાંત મુજબ, અહીં વિદ્યાર્થીઓને માત્ર કુશળ વ્યાવસાયિકો તરીકે જ નહીં, પરંતુ એવા કરુણાશીલ સંભાળકર્તાઓ તરીકે તૈયાર કરવામાં આવે છે જેઓ દર્દીને એક સંપૂર્ણ વ્યક્તિ તરીકે જોઇ શકે.













ગાયત્રી પરિવારનાં સહયોગથી નર્સિંગ ઇન્સ્ટિટ્યૂટ ખાતે " ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા" નું આયોજન કરવામાં આવ્યું.

### નર્સિંગ ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓએ શારદામંદિર બક્ષીપંચ આશ્રમશાળાના બાળકોને ચિત્રો અને નાટક દ્વારા શારીરિક સ્વચ્છતા અને સુટેવો વિષે માર્ગદર્શન પ્રદાન કર્યું.

















## કિશોરીઓ માટે માસિક ધર્મ અને સ્વચ્છતા જાગૃતિ :



માસિક ધર્મ એ દીકરીઓનાં વિકાસનો એક કુદરતી ભાગ છે, તેમ છતા આ વિષયની આસપાસ અજ્ઞાન અને ભ્રામકતા છવાયેલી રહે છે. કિશોરાવસ્થાના ઉંબરે ઉભેલી દીકરીઓમાં જાગૃતિ અને આત્મવિશ્વાસ વધારવા માટે, આપણા ઇન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગના ચોથા વર્ષના B.Sc. નર્સિંગના વિદ્યાર્થીઓએ આપણી શાળાઓની દીકરીઓ માટે માસિક ધર્મ સ્વચ્છતા પર એક ઇન્ટરેક્ટિવ જાગૃતિ સત્રનું આયોજન કર્યું.







આ સત્રમાં ચેપ અને અગવડતાને રોકવા માટે સ્વચ્છતા, નિયમિત સ્નાન અને સેનિટરી ઉત્પાદનોના સુરક્ષિત ઉપયોગ ના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો અને સાથે સાથે સામાન્ય અંધશ્રદ્ધાઓ અને ગેરમાન્યતાઓનું ખંડન પણ કરવામાં આવ્યું. આવી પહેલો દીકરીઓને શરમ વિના તેમના શરીરને સમજવા અને માસિક ધર્મ પ્રત્યે સ્વસ્થ અભિગમ કેળવવા પ્રોત્સાહિત કરે છે. આવી જાગૃતિ આત્મવિશ્વાસ અને તે થકી સશક્તિકરણ તરફ દોરી જાય છે.

## વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ : જાગૃતિ જરૂરી છે.









વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસના ઉપલક્ષ્યમાં, આપણા નર્સિંગ ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓએ માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ પ્રદર્શનનું આયોજન કર્યું જેમાં માનસિક સુખાકારીના મહત્વ પર ભાર મુકાયો. માનસિક સ્વાસ્થ્ય પણ શારીરિક સ્વાસ્થ્ય જેટલુ જ મહત્ત્વપૂર્ણ છે તે તથ્યને સમજાવતા સંવાદાત્મક પ્રદર્શન દ્વારા, વિદ્યાર્થીઓએ ગ્રામજનોને તણાવ (સ્ટ્રેસ), ચિંતા (એન્ઝાયટી) અને હતાશા (ડિપ્રેશન) ના સંકેતો ઓળખવા વિશે માર્ગદર્શન આપ્યું, તેમજ સહાનુભૂતિ, સહાય અને સમયસર સારવારની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો.

આ પ્રકારની પહેલ સમાજને માનસિક સુખાકારીને પ્રાથમિકતા આપવા અને મદદ લેવા અંગેના અંતરાયો ને દૂર કરવા માટે સશક્ત બનાવે છે.







## પૂજ્ય મહાત્મા ગાંધી અને શ્રી લાલ બહાદુર શાસ્ત્રી ના જન્મદિવસની ઉજવણી

પૂજ્ય મહાત્મા ગાંધી અને શ્રી લાલ બહાદુર શાસ્ત્રી ના જન્મદિવસની ઉજવણી કરતા બાળકો એ તેમના સત્ય, અહિંસા અને સેવાના મૂલ્યોનું મનન ચિંતન કરી શાંતિપૂર્ણ વિશ્વનાં નિર્માણ તરફ લઇ જતા અમૂલ્ય વારસા પરથી પ્રેરણા લીધી.








## એકલવ્ય શાળાનાં વિદ્યાર્થીઓએ રુરલ IT ક્વિઝમાં ઝળક્યાં !

આપણા ચાર વિદ્યાર્થીઓએ લોક વિજ્ઞાન કેન્દ્ર, વડોદરા ખાતે યોજાયેલી રૂરલ IT ક્વિઝમાં ભાગ લીધો અને તે સર્વેને રાજ્ય સ્તરની સ્પર્ધા માટે પસંદ કરવામાં આવેલ છે.



**વિદ્યાર્થીઓને અભિનંદન:**

**રિદ્ધિ વરિયા** (કક્ષા 11)

**રુચિ ઝલૈયા** (કક્ષા 11)

**ચિન્મયકુમાર રાઠવા** (કક્ષા 9)

**જયદીપકુમાર રાઠવા** (કક્ષા 9)

બાળકોના કમ્પ્યુટર શિક્ષક શ્રી સુનીલ કનોજિયા, જેમણે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું તેમનો વિશેષ આભાર અને સહુને રાજ્ય સ્તરનાં રાઉન્ડ માટે શુભેચ્છાઓ!

## સંભાવનાનું સિંચન: પ્રેમ અને શિક્ષણથી રાષ્ટ્રનિર્માણ



**પ્રત્યેક બાળકમાં શુભ, સુંદર અને ઉત્તમની અપાર સંભાવનાઓ રહેલી હોય છે. તેની યોગ્ય માવજત થાય, તેનામાં સમય, સ્નેહ, સમજ અને સંપત્તિનું રોકાણ થાય તો સમગ્ર સમાજને તેના મીઠા ફળ મળે છે.**

પૂજ્ય શ્રી અનૂબેનના સેવાયજ્ઞની શરૂઆત ગુજરાતના અંતરિયાળ આદિવાસી વિસ્તારના ભૂલકાઓમાં સ્નેહસિંચનથી થઇ હતી અને સમયાંતરે મુનિ સેવા આશ્રમના છત્ર તળે 15 જેટલાં ઘોડિયાઘરો 6 મહિનાથી 6 વર્ષની વયના બાળકોના જીવનમાં સ્વચ્છ અને સુઘડ વાતાવરણ, મૂલ્યો આધારિત શિક્ષણ, પૌષ્ટિક ભોજન અને ધ્યાનપૂર્વકની સંભાળ દ્વારા આમૂલ પરિવર્તન આણી રહ્યા છે. આ ઘોડિયાઘરોના કારણે સોમ થી શનિ સવારે 10.30 થી સાંજે 4.30 સુધી, આ બાળકોના માતાપિતા - જેઓ મોટે ભાગે ખેતી અથવા અન્ય નાના વ્યવસાય કે નોકરી સાથે સંકળાયેલા હોય છે, તેઓ નિશ્ચિંત થઈને કુટુંબ માટે આજીવિકા રળી શકે છે અને બાળકો પણ સુરક્ષિત સચવાય છે.




આમાંના કેટલાક ઘોડિયાઘરો લગભગ 35 વર્ષથી અવિરત સેવા પ્રદાન કરી રહ્યા છે અને હવે જર્જરિત પણ થયા છે. જેનું નવીનીકરણ સમયની માંગ છે. આપણા દૂરંદેશી ટ્રસ્ટી શ્રી પ્રદીપ અને માલિની શ્રોફે,આમાંના સાત ઘોડિયાઘરોના નવીનીકરણની જવાબદારી સ્વીકારેલ હતી જે પૈકી અગાઉ 3 ઘોડિયાઘરનું કામ પૂર્ણ થઈ તેનું લોકાર્પણ થઇ ચૂક્યું છે અને તાજેતરમાં જ ગોરજ ગામ ખાતે આવેલા નવનિર્મિત - આધુનિક ચોથા ઘોડિયાઘરનું પણ ટ્રસ્ટીઓ, ગ્રામજનો, શુભચિંતકો અને વ્હાલા બાળકોની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન થયું.

બાળકોનાં સ્વપ્નાઓને પાંખો આપતા, ઉડવા માટે આકાશ આપતા, તેમના માતાપિતાઓને ચિંતામુક્ત થવાનો ઉકેલ આપતાં અને સુરક્ષિત બાળપણ થી સશક્ત બાળક થકી રાષ્ટ્રનિર્માણમાં પાયારૂપ એવા મુનિ સેવા આશ્રમના ઘોડિયાઘરોના આ પ્રકલ્પને નવજીવન આપતા સહયોગ માટે પ્રદીપ અંકલ અને માલિની આંટીનો હૃદયપૂર્વક આભાર.










## ધગશ :




આશ્રમ ખાતે આવેલા આપણા ભગિની મંદિરની ભગિનીઓ માટે દરેક નવો દિવસ નવસર્જનની સુંદર પળો લઇને આવે છે. તેઓ દરરોજ કૈક ને કૈક નવું શીખી આનંદ મેળવતા હોય છે અને આ નવું શીખવાની ધગશ એટલી તો પ્રબળ હોય છે કે કોઈક દિવસ તેમના કામ માટે જરૂરી સામગ્રી ઉપલબ્ધ ન હોય તો "હાજર સો હથિયાર" ના ન્યાયે જે મળે તેનાથી અવનવી વસ્તુઓ બનાવતા હોય છે.




## ચાઈનીઝ લંચ અને જાપાનીઝ મુવી – મઝ્ઝા ની લાઈફ







આપણી ભગિનીઓએ લંચ અને  મુવી સાથે એક મજેદાર પ્રવાસનો આનંદ માણ્યો! તેઓ બપોરના ભોજન માટે બહાર ગયા અને પછી જાપાનીઝ એનિમેટેડ ફિલ્મ "શિનચાન: સ્પાઇસી કાસુકાબે ડાન્સર્સ" જોઈ. મોટાભાગની ભગિનીઓ માટે, મોટા પડદા પર ફિલ્મ જોવાનો આનંદ ખરેખર એક રોમાંચક અનુભવ હતો.

## ઝળહળતાં દીવડા




ભગિની મંદિર ખાતે આપણી ભગિનીઓએ રંગભર્યા દીવડા બનાવ્યા છે. રંગબેરંગી દીવડા - જાણે કે તેમના આંતરિક પ્રકાશના પ્રતીક, જેને કોઇ અંધકાર ઝાંખો ન પાડી શકે.




## રંગોળી સ્પર્ધા




વિવેકાનંદ શાળા ખાતે યોજાયેલી રંગોળી સ્પર્ધા એ સમગ્ર કેમ્પસ પરિસરને રંગોની રોનક, કલ્પનાશીલતા અને તહેવારની ખુશીથી મહેકાવી દીધું. પોતપોતાની કલાનો અદ્દભુત પરિચય કરાવતાં તમામ ગૃહોએ (Houses) ખૂબ જ જોશભેર ભાગ લીધો. પ્રભુ શ્રી રામ અને સીતાજીનું મનોરમ્ય ચિત્રણ કરતી રંગોળી સાથે ગૃહ નં. 2 એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું, જ્યારે ગૃહ નં. 5 અને ગૃહ નં. 3 ક્રમશઃ બીજું અને ત્રીજું સ્થાન મેળવીને વિજેતા બન્યા. ભાગ લેનાર સર્વે વિદ્યાર્થીઓને ખુબ ખુબ અભિનંદન !



**હું જાગું ઈ પ્હેલાં જાગી ખોલે સઘળા દ્વાર**
**હરિ તો હાલે હારોહાર.**
**નહિતર મારાં કામ બધાં કાંઈ ઉકલે બારોબાર ?**
**હરિ તો હાલે હારોહાર.... !**



એક તરફ પાવાગઢનુ પીઠબળ અને બીજી તરફ દેવ નદીનુ હેત. લખલૂટ પ્રાકૃતિક ઐશ્વર્ય વચ્ચે આપણો મુનિ સેવા આશ્રમ. આજુબાજુના વિસ્તાર પણ વનરાજીથી ભરપૂર અને કુદરતની કેટલીય પ્રજાતિઓનું આશ્રયસ્થાન. શરૂથી જ આશ્રમની હોસ્પિટલ ખાતે સર્પદંશના ઘણા કિસ્સાઓ આવે. ડો વિક્રમ પટેલ, તેમના સાથી ડોકટરો અને અન્ય સ્ટાફ આ દર્દીઓને બચાવવા દિલોજાનથી મહેનત કરે. વેન્ટિલેટર તો ક્યાંથી હોય, એટલે આખી રાત એક પછી એક તબીબ અંબુબેગ દ્વારા સપોર્ટ આપે. દર્દીઓ બચી જ જાય.એ વખતે આશ્રમ ખાતેનું અક્ષર પુરુષોત્તમ આરોગ્ય મંદિર સર્પદંશના ઈલાજ માટે પ્રતિષ્ઠા પામેલુ જે આજદિન સુધી અકબંધ રહી છે.આજની તારીખે પણ જો કોઇ સર્પદંશનો કેસ આવે તો લાખ કામ પડતા મૂકીને પણ ડો વિક્રમ એના ઈલાજ માટે પહોંચી જાય. એ એક રેકોર્ડ છે કે આશ્રમ ખાતે સર્પદંશથી એક પણ મૃત્યુ થયું નથી. એ વખતે પણ ટાંચા સાધનો વચ્ચે તેમનું તબીબી કૌશલ્ય, પાવન ઈરાદાઓ, ગુરુ અને ઈશકૃપા કામ કરી જતી. આવા કેસીસ વધતા ગયા અને તેની ક્રિટીકલીટી પણ વધતી ગઈ. એટલે ડો વિક્રમ પૂજ્ય બેન પાસે એક વેન્ટિલેટર લાવી આપવાની માંગણી સાથે ગયા. બહેનનો જવાબ હતો. "જોઈશુ. માહિતી ભેગી કરીને રાખો" એ સાલ હતી 1996ની.

1994માં પૂજ્ય શ્રી અનુબેનનો કિસુમુ - કેન્યાનો પ્રવાસ અને ત્યાં ગંગાબાને ઘરે રોકાણ. ગંગાબાનું પ્રેમસભર આતિથ્ય અને આશ્રમ માટે બનતુ બધુ કરી છૂટવાની ભાવનાએ એક વિશિષ્ટ ઘરોબો બનાવી દીધો હતો. અરવિંદભાઈ એ ગંગાબાના સુપુત્ર.

1996ની શિયાળાની સવારે આશ્રમમાં અરવિંદભાઇનું આગમન થયું. પરંતુ બે વર્ષ પહેલાના અરવિંદભાઈ અને એ દિવસના અરવિંદભાઈમાં ખાસ્સો ફેરફાર થયેલો એટલે બેન તેમને ઓળખી જ ન શક્યાં અને અરવિંદભાઈ એ પોતાની ઓળખાણ આપી, બહેને ચિંતિત થઇ સ્વાસ્થ્ય પૂછ્યું ત્યારે અરવિંદભાઈ એ કહ્યું કે લગભગ દોઢેક વર્ષ પહેલા જીવલેણ અકસ્માતમાંથી માંડ ઉગર્યો છું. લાંબા હોસ્પિટલાઇઝેશન અને ત્યાંનું એક સાધન " વેન્ટિલેટર" જેના લીધે મારા પ્રાણ બચ્યા છે. હોસ્પિટલના બિછાનેથી જ મનમાં ગાંઠ વળી હતી કે મારા દેશની કોઈ હોસ્પિટલમાં પણ હું આવુ સાધન લાવી આપીશ અને મારુ ઋણ અદા કરીશ એટલે વેન્ટિલેટર અપાવવા આવ્યો છું. પૂજ્ય બહેને તાત્કાલિક ડો વિક્રમને બોલાવ્યા.

ડો વિક્રમે તેમને વેન્ટિલેટરની હોસ્ટિપટલ ખાતે જરૂરિયાત, તેની કિંમત વિગેરે વિષે માહિતી આપી તો અરવિંદભાઈ એ કહ્યું કે ડોકટર જે સૌથી સારું હોય તે જ લેવાનું છે અને આમ આશ્રમની હોસ્પિટલને તેનું સર્વ પ્રથમ - ઇન્ટરમીટન્ટ મેન્ડેટરી વેન્ટિલેશન મોડ વાળું સિમેન્સ સર્વો - 300 નામનું વેન્ટિલેટર મળ્યું. જેની સન 1996માં પડતર લગભગ સાડા આઠ લાખ રૂપિયા હતી, અને હા આ એ સમય હતો જયારે આખી હોસ્પિટલનો એક મહિનાનો ખર્ચ લગભગ પચાસથી સાઠ હજાર આવતો.

**હરિ તો હાલે હારોહાર....**
**મુઠ્ઠીમાં શું લાવ્યા એની ઝીણી એને જાણ**
**પ્હોંચ પ્રમાણે ખાટા મીઠા પણ જે ધરતા પ્રાણ**
**એની હાટડીએ હાજર ઈ કરવા કારોબાર**
**હરિ તો હાલે હારોહાર !**



# ગોધરા ગોવિંદ ગુરુ યુનિ.ના યુવક મહોત્સવનો પ્રારંભ

ઉદય ગુજરાત

**ઉદય ગુજરાત.ગોધરા**

ગોધરા નજીક આવેલી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના યુવક મહોત્સવ સ્પંદન-૨૦૨૫નો યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર હરિભાઈ કાતરીયાના અધ્યક્ષ સ્થાને શુભારંભ થયો છે. કાર્યક્રમમાં ખાસ યુવા કલાકારો જેમાં ઈન્ડિયન આઈડલ- ૧૩ના શિવમસિંહ, લોક કલાકાર ભાવેશ આહીર, મુની સેવા આશ્રમ ગોરજના આધુનિક સંત સમાન ડો.વિક્રમભાઈ , પ્રો.ડો .કિશોર વ્યાસ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં રંગારંગ, જુસ્સાપૂર્વક યુવક મહોત્સવનો દીપ પ્રાગટ્યથી પ્રારંભ થયો છે. જેમાં લોક નૃત્યથી ઉપસ્થિત યુવા વિદ્યાર્થીઓએ સમગ્ર યુનિવર્સિટી કેમ્પસ ગજવી મૂક્યું હતું.

શાસ્ત્રીય નૃત્ય, શાસ્ત્રીય વાદ્ય, મહેંદી હરીફાઈ, વક્તૃત્વ સ્પર્ધા, ડિબેટ, ક્વિઝ, રંગોળી, શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા, હળવું કંઠ્ય સંગીત, ગ્રુપ સોંગ, ક્લે મોડેલિંગ, કાર્ટૂનિંગ ઓન ધ સ્પોટ ફોટોગ્રાફ સહિત અનેક સ્પર્ધાઓ યોજાઈ જેનાથી સમગ્ર યુનિવર્સિટી કેમ્પસ યુવા વિદ્યાર્થીઓના જોશ-ઉત્સાહથી ગુંજી ઉઠ્યું છે. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. હરિભાઈ કાતરીયાએ આ માટે યુથ ફેસ્ટિવલ કમિટી સહિત તમામનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો છે.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી, ગોધરા આયોજિત યુવામહોત્સવ સ્પંદન - 2025 નાં  ઉદ્ઘાટન મંચ પર અન્ય મહાનુભાવોની સાથે આપણા ચેરમેન ડો વિક્રમ પટેલની પણ પ્રેરક ઉપસ્થિતિ રહી. મુનિ સેવા આશ્રમ સંચાલિત ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓ જૈમિન નાઇ અને સાર્થ વરિયા એ ડીબેટમાં , જાગૃતિ બિલાવલે પોસ્ટર મેકિંગમાં , ટીસા દરજી એ મહેંદી તેમજ આદિત્ય રાણા, રાકેશ ડામોર અને યશ રાઠવા એ કવીઝમાં ભાગ લીધો.

સર્વેને ખુબ ખુબ અભિનંદન !


















વ્યાયામ, ભગિનીમંદિર


ઉદ્યોગ, ભગિનીમંદિર


ક્લે વર્ક, ભગિનીમંદિર


તોરણ મેકિંગ, ભગિનીમંદિર

## Kailash Cancer Hospital & Research Centre

## Q2 Service Overview: YOY Comparison

| Service | 2025-26 | 2024-25 |
|---|---|---|
| Patient Consultations | 34300 | 41562 |
| Indoor Treatments | 6458 | 6572 |
| Day - care Chemo therapies | 4786 | 3801 |
| Surgeries Performed | 574 | 530 |
| Radiation Therapies | 494 | 516 |
| Nuclear Medicine | 810 | 627 |
| Bone Marrow Transplantations | 8 | 11 |
| Lab Investigations | 69485 | 69178 |
| Radiology Investigations | 7324 | 7318 |



મુનિ સેવા આશ્રમ પરિવારને
દીપાવલી પર્વ
અને
આવનારા વિક્રમ સંવત 2082ની
ખુબ ખુબ શુભકામનાઓ !
આપણે સહુ આ જીવનપથ પર સાથે મળીને
માનવીય શુભને સહાય કરવા,
સત્વને સાચવી લેવા,
સંનિષ્ઠને જીતાડી દેવા,
અશક્તને આધાર આપવા,
એકલવાયાને સધિયારો આપવા
એક્સ્ટ્રા માઈલ પણ ચાલવુ પડે
તો ચાલીયે !

ડૉ. વિક્રમ પટેલ

આંગણ આવ્યો અજવાળાનો અલબેલો તહેવાર...
વાળી-ઝૂડી અંધકારને ફેકો ઘરની બહાર...

ભાંગ્યા -તૂટ્યા મનોરથોનો કાટમાળ હડસેલી,
ઉમળકાનાં તોરણથી શણગારો ઘરની ડેલી

કાટ ચડ્યાં ગીતોને પંખીના કલરવથી માંજો,
આણોસરી આંખોમાં નમણાં-નમણાં સપનાં આંજો.

અણબનાવની જૂની-જર્જર ખાતાવહીઓ ફાડો,
નવા સૂર્યની સાખે અક્ષર હેત-પ્રીતના પાડો.

ભોળા-ભોળા સગપણની જો ગૂંથીને ફૂલમાળા,
પહેરાવો તો સૂકાં જીવતર બની જશે રઢિયાળા.

સુખની ઘડીઓ કોઈ ત્રાજવાં-તોલાથી ના જોખો,
આંગણ આવી ઊભું છે અજવાળું એને પોખો.

રમેશ પારેખ




આપણા આશ્રમની પ્રેરક વાતો અને સેવા પ્રકલ્પોની માહિતી દેશ વિદેશમાં પહોંચાડવા માટે આપ સૌની સહભાગિતા આવકાર્ય છે. અનુસંધાનને વધુ સારું અને અસરકારક બનાવવા માટે આપ મદદ કરશો જ તેવો અમને વિશ્વાસ છે. આપ આ વિષે અમને anusandhan@greenashram.org પર લખી શકો છો. આ સિવાય આશ્રમ વિષયક માહિતી આપણી વેબસાઈટ www.greenashram.org તેમજ આપણા ફેસબૂક અને ઇન્સ્ટાગ્રામ પેજ પર થી પણ મળી શકશે.